અપીલ અરજી નં.૨૯૯/૩૦૦ તા.૧૪–૧૨–૦૯/૧૦

અરજદારઃ– શ્રી વિશ્રામભાઈ એલ. ડોડીયા

સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિશ્રામભાઈ એલ. ડોડીયાની તા.૧૦–૧૧–૦૯ ની અરજીથી આઈ.ડી. નં.૮૯૪ માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૪–૧૨–૦૯ ની અપીલ અરજી નં.૨૯૯/૩૦૦–૨૦૦૯–૧૦

શ્રી વિશ્રામભાઈ એલ. ડોડીયાની આઈ ડી નં.૮૯૪ તા.૧૦–૧૧–૦૯ ની અરજીથી આઈ.ડી. નં.૮૯૪ માહિતી આપવા બાબતે જાવક નં.૧૧૧૯ તા.૧૮–૧૧–૦૯થી આપેલ માહિતીનો જવાબ ખોટો હોવાનું તથા જાવક નં.૧૧૩૫ તા.૨૪–૧૧–૦૯ થી માંગ્યા મુજબની માહિતી મળેલ નથી તેવું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૪–૧૨–૦૯ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જેમાં અરજદારે એકજ અરજી સામે સીસીસી/સી.ઝોન/ આ.નં./ઈન/ ૧૦૯૫–૧૦૯૪ તા.૧૪–૧૨–૦૯ થી બંને અલગ અલગ અરજીઓ કરેલ જે અંગે અનુક્રમે અત્રેથી અપીલ નં .૨૯૯ અને ૩૦૦ એ એક અરજીની બે અપીલ હોય તેનું જોડાણ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા અપીલ નં.૨૯૯ પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૪૩ તથા અપીલ નં.૩૦૦ માં ૧૦૪૪ તા.૨૨–૧૨–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં માહિતીની વિષય વસ્તુ સ્પષ્ટ નથી તેમજ મુળ અરજીની ફી ની વિગત સહિતની નકલ અને નારાજગી અંગેના આધાર રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૩૦–૧૨–૦૯ ના રોજ મુળ અરજીની નકલ, સે.ઝોન/.આરટીઆઈ/જાવક નં.૧૧૧૯ તા.૯–૧૧–૦૯ ના તબદીલ પત્રની નકલ, સેન્ટ્રલ ઝોનના આરટીઆઈ/જાવક નં.૧૧૩૫ તા.૨૪–૧૧–૦૯ ના પત્રની નકલ તથા તા.૧૧–૧૨–૦૯ ના રોજ મધ્યસ્થ મહેકમની કરેલી અરજીની નકલ મળી પાના નં.૧ થી ૧૧ ની પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ. ન.૧૩૯૧ તા.૮–૧–૧૦ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજીની નકલ, તથા સ ેન્ટ્રલઝોનનો કાર્યપાલક ઈજનેર ટોરેન્ટો પાવરને તબદીલ કરેલ તા.૧૮–૧૧–૦૯ ના પત્રની નકલ, બીપીએલ કાર્ડની નકલ, અરજદારને આપેલ માહિતી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/૧૧૩૫ તો૨૪–૧૧–૦૯ ના પત્રની નકલ, ટોરેન્ટો પાવરના જનરલ મેનેજર(ટેક.) તા.૨૧–૧૨–૦૯ ના રોજ અરજદારને પાઠવેલ પત્રની નકલ, જાહેર માહિતી અધિકારીએ સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૩૯૦ તા.૭–૧–૧૦ ના રોજ અરજદારને પાઠવેલ પત્રની નકલ અત્રે પૂરક વિગતોમાં રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૦–૧૧–૦૯ ની અરજીથી સને ૨૦૦૧ થી ૨૦૦૮ સુધી સેન્ટ્રલઝોન કચેરીમાં કરવામાં આવેલી અરજીઓમાં શું શું કાર્યવાહી કરવામાં આવેલ છે તેના કરેલા નિકાલ અને નિર્ણયની માહિતી મુદ્દા નં.૨. ટોરેન્ટો પાવર તરફથી સુરત શહેરમાં મુકવામાં આવેલ જાહેર રસ્તા પર તેમજ શેરી મહોલ્લામાં ડીપી બોકસ જે મુકવામાં આવેલ છે તે કઈ કઈ જગ્યા ઉપર તેમજ કયા કયા સ્થળ ઉપર મુકવામાં આવેલ છે તેમજ આ ડીપી બોકસથી કેટલા સ્કેર ફુટની જગ્યાનું રોકાણ થયેલ છે. તેમજ શહેરમાં આવા ડીપી બોકસ કુલ્લે કેટલા મુકવામાં આવેલ છે તેના પુરાવા સાથેની માહિતીની ખરી નકલની માં ગણી કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૨ અંગે સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૧૧૯ તા.૧ ૮–૧૧–૦૯ ના રોજ કાર્યપાલક ઈજનેરશ્રી ટોરેન્ટો પાવર લી. ને પત્ર તબદીલ કરવામાં આવેલ. જયારે મુદ્દા નં.૧ અંગે સ ે.ઝોન/આરટીઆઈ/જાવક નં.૧૧૩૫ તા.૨૪–૧૧–૦૯ થી અરજદારને " સેન્ટ્રલઝોન કચેરીમાં પ્રત્યેક અરજદારોની યાદી અલગથી બનાવવામાં આવતી ન હોય અગાઉની આપેલ અરજીઓની સંખ્યા જાણી શકાય તેમ નથી." તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે બાબતે અરજદારે તા.૧૪–૧૨–૦૯ ના રોજ સેન્ટ્રલઝોનમાં કરેલી બે અપીલો અંગે પત્ર નં.૧૦૯૫ ની કરેલી અપીલમાં જાવક નં.૧૧૧૯ તા.૧૮–૧૧–૦૯ ના પત્ર મુદ્દા નં.૨ ટોરેન્ટો પાવરને તબદીલ કરેલ પત્ર બાબતે જવાબ ખોટો છે તેવું જણાવેલ છે તથા સામેલ પત્રમાં ડીપી બોકસ સુરત મહાનગરપાલિકા હસ્તકની જગ્યામાં મુકવામાં આવેલ છે. તે બીજાના અધિકારક્ષેત્રમાં કેવી રીતે આવી શકે. જે જાહેર રોડ, ફુટપાટ તેમજ શેરી મહોલ્લામાં મુકવામાં આવેલ છે તે જગ્યાની માલીકી સુરત મહાનગરપાલિકાની છે તેથી આ માહિતી પૂરી પાડવાની જવાબદારી સુમપાની રહે છે. તેવું અપીલ અરજીમાં જણાવેલ છે. જે બાબતે ટોરેન્ટો પાવરના જનરલ મેનેજર(ટેક) ના તા.૨૧–૧૨–૦૯ ના પત્ર નં .ટીપીએલ/૧૧૨૮૧ થી સદર કંપની પ્રાઈવેટ કંપની હોવાથી સદર અધિનિયમ કંપનીને લાગુ પડતો નથી તેવું જણાવેલ. તેમજ જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૨ બાબતે ટોરેન્ટો પાવર તરફથી સુરત શહેરમાં મુકવામાં આવેલ ડીપી બોકસ બાબતનો કોઈ રેકર્ડ દફતરે ઉપલબ્ધ ન હોય પુરાવા સાથે માહિતી આપી શકાય તેમ નથી. જયારે મુદ્દા નં.૧ બાબતે માંગ્યા મુજબની માહિતી નથી તેવું જણાવી અપીલ અરજી કરવામાં આવેલ છે. જે બાબતે આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. સદર હકીકત જોતાં અરજદારને પાઠવેલ તા.૧૧–૧–૧૦ ના રોજ પત્રથી તા.૧૩–૧–૧૦ ના રોજ ૪.૦૦ કલાકે

સુનાવણી રાખવામાં આવેલ. જેમાં અરજદાર  હાજર રહી ડીપી બોકસની માહિતી માંગેલ છે તેવું જણાવેલ છે. પ્રથમ માહિતી તા.૧૮–૧૧–૦૯ ના રોજ મળેલ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી રેકર્ડ ઉપર માહિતી ન હોવાનું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી ટોરેન્ટોને પત્ર ટ્રાન્સફર કર્યો તે ખોટું છે બીજા સત્તા મંડળને ટ્રાન્સફર થતી નથી. ટોરેન્ટો પાસેથી ડીપીના પૈસા વસુલ કરવામાં આવે તેમ હું ઈચ્છુ છું તેવી રજૂઆત કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી એકઝી. ઈજનેર(સેન્ટ્રલઝોન) હાજર રહી ટોરેન્ટો પાવર તરફથી જયારે ઈલેકટ્રીક કેબલ લેઈંગ કરવા માટે પરવાનગી માંગવામાં આવે  છે તે  સમયે કેબલની લંબાઈ અને કયા સ્થળે તે પ્રકારની અરજી આપવામાં આવે છે. તેમાં ડીપી બોકસનો ઉલ્લેખ કરવામાં આવતો નથી. સરકારના ઠરાવ પ્રમાણે રસ્તા ખોદાણ અને પુનઃ સ્થાપન ફી વસુલ લેવામાં આવે છે. જાહેર માહિતી અધિકારીએ ટોરેન્ટો પાવર કંપનીનો પત્ર અને ખાતાએ કરેલી કાર્યવાહી નમુનારૂપ રજૂ કરેલ છે. જેમાં ટોરેન્ટો પાવરના તા.૧૬–૪–૦૯ ના ઝોનલ ઓફિસરને ૧/૧૨૫૫, બહેરામખાનનો ખાંચો, નાનપુરા, ટીમલીયાવાડ ખાતેની અરજનો  નમુનો તથા તે અંગે ટોરેન્ટો પાવરને ડીપોઝીટ પેટે ભરપાઈ કરવાના રૂા.૭૬,૪૦૦/– ના ૫૦% રકમ રસ્તા ખોદાણ ડીપોઝીટ પેટે રૂા.૩૮,૨૦૦ ભરપાઈ કરવાનો પત્ર નં.સી.ઝેડ/એન્જી./આ.નં.૭૦૪ તા.૨૫–૧૧–૦૯ ના પત્રની નકલ રજૂ કરેલ છે. તેમજ તે ફી ભરપાઈ કર્યાની રસીદ નં.૪૩૬૪૦૦ તા.૮–૧૨–૦૯ ની રસીદ પણ રજૂ કરેલ છે. તેમજ તે અંગે આપેલ મંજુરી પત્ર સી.ઝેડ/એન્જી./આ.નં.૩૨૧૫/૨ તા.૯–૧૨–૦૯ ના પત્રની નકલ રજૂ કરેલ છે. અપીલ સુનાવણી તબકકે અરજદારે મુળ અરજીના મુદ્દા નં.૧ સંદિગ્ધ હોઈ તથા પૂરક વિગતો માંગવા છતાં રજૂ કરેલ ન હોય પડતો મુકેલ.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૦–૧૧–૦૯ ની  અરજીથી માંગવામાં આવેલી માહિતી અંગે દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પાડવામાં આવેલ હોઈ જાહેર માહિતી અધિકારીનો નિર્ણય બહાલ રાખવામાં આવે છે તેથી માહિતી અંગે કોઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ :   –૧ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

પ્રતિ<br>
(૧) શહેર વિકાસ અધિકારી  અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ....જાણ તથા અમલ માટે.<br>
(૨) શ્રી વિશ્રામભાઈ એલ. ડોડીયા ,